**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
**નોંધણીકૃત કાર્યાલયઃ** એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
**CIN No.:** L67120MH2008PLC181833
**શાખા કાર્યાલયઃ** સુરત

L&T Finance

## જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **''જાહેર ઈ–હરાજી''** થકી **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

| ઋણદાર અને સહ–ઋણદારનું નામ | સંરક્ષિત મિલકતનું સરનામું | લોન અકાઉન્ટ નંબર(રો) | લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (₹માં) | પ્રાપ્ત કરેલું ઋણ | અનામત કિંમત (₹માં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. ડાયાભાઈ મનજીભાઈ સોડવાડિયા<br>2. ગીતાબેન ડાયાભાઈ ચોડવાડિયા<br>3. દર્શક ડાયાભાઈ ચોડવાડિયા | સંપત્તિના ટુકડાં અને ખંડ બધાંનું સરનામુંઃ ચોથા માળ પર (પાસ કરવામાં આવેલા પ્લાન મુજબ ત્રીજા માળ પર) ફ્લેટ નં. 403 ધરાવતી સંપત્તિ, જેનું માપ 950 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરીયા અને 53.25 ચો. મી. બિલ્ટ–અપ એરીયા છે, જેની સાથે 'સ્વર્ગ રેસિડેન્સી'ના બિલ્ડિંગ નં. Kમાં 28.50 ચો. મી.નો અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 167, બ્લોક નં. 72, ટી. પી. સ્કીમ નં. 48 (ખોલવાડ), ફાઈનલ પ્લોટ નં. 19, જેનું માપ 8776 ચો. મી. થવા જાય છે, મોજે ગામ ખોલવાડ, તાલુકોઃ કામરેજ, જિલ્લોઃ સુરત, ગુજરાત ખાતે આવેલ છે.<br>સીમાઓ: પૂર્વે – માર્જિન જાહેર ટી. પી. રોડ; પશ્ચિમે – માર્જિન/કો.ઑપ.; ઉત્તરે – બિલ્ડિંગ નં. L; દક્ષિણે – માર્જિન/બિલ્ડિંગ નં. J | H00826240 221102011/ H00826250 221105849 | 6 માર્ચ, 2025 | રૂ. 1,85,250/– | તારીખ 11–10–2024ની માગણાની નોટીસ મુજબ તારીખ 10/10/2024 સુધીમાં ચૂકવવાની બાકી કુલ રકમ રૂ. 22,92,588.08/– થવા જાય છે. | રૂ. 18,52,500/– | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 10.06.2025 બપોરે 12:30થી 2:00 વાગ્યા સુધીમાં |
| (1) મિનેશકુમાર વસંતલાલ મિસ્ત્રી<br>(2) વસંતભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી | સંપત્તિના ખંડ અને ટુકડાં બધાંનું સરનામુંઃ પ્લોટ નં. 207 ધરાવતી સંપત્તિ, ડિવાઈન વિલામાં તેનું માપ 48.99 ચો. મી. થવા જાય છે, જે સંપત્તિ રેવન્યૂ સર્વે નં. 737, 738 અને 739 એટલે કે બ્લોક નં. 743/1, ધરાવતી જમીન પર, હથુરણ ગામ, તાલુકો માંગરોલ, જિલ્લો સુરત ખાતે આવેલ છે.<br>સીમાઓ: પૂર્વે – પ્લોટ નં. 207; પશ્ચિમે – પ્લોટ નં. 206; ઉત્તરે – સોસાયટી; દક્ષિણે – બાઉન્ડ્રી વોલ | SRTHL1800 1587/ SRTHL1800 1652 | 23 માર્ચ, 2025 | રૂ. 68,725.50/– | તારીખ 16–10–2024ની માગણાની નોટીસ મુજબ તારીખ 14/10/2024 સુધીમાં ચૂકવવાની બાકી કુલ રકમ રૂ. 21,34,639.09/– થવા જાય છે. | રૂ. 6,87,255/– | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 10.06.2025 બપોરે 12:30થી 2:00 વાગ્યા સુધીમાં |
| | સંપત્તિના ખંડ અને ટુકડાં બધાંનું સરનામુંઃ પ્લોટ નં. એ/207 ધરાવતી સંપત્તિ, ડિવાઈન વિલામાં તેનું માપ 48.99 ચો. મી. થવા જાય છે, જે સંપત્તિ રેવન્યૂ સર્વે નં. 737, 738 અને 739 એટલે કે બ્લોક નં. 743/1, ધરાવતી જમીન પર, હથુરણ ગામ, તાલુકો માંગરોલ, જિલ્લો સુરત ખાતે આવેલ છે.<br>સીમાઓ: પૂર્વે – લાગુ થતો પ્લોટ; પશ્ચિમે – પ્લોટ નં. 207; ઉત્તરે – સોસાયટીનો રોડ; દક્ષિણે – લાગુ થતો પ્લોટ | | | રૂ. 63,365.50/- | | રૂ. 6,33,655/- | | |
| 1. જિતેન્દ્ર રમેશભાઈ ગજ્જર<br>2. શિતલ જિતેન્દ્ર ગજ્જર | સંપત્તિના ખંડ અને ટુકડાં બધાંનું સરનામુંઃ પ્લોટ નં. 136 (પાસ કરવામાં આવેલા પ્લાન મુજબ પ્લોટ નં. સી/136), જેનું 91.11 ચો. વાર એટલે કે 76.25 ચો. મીટર (7/12ના ઉતારા મુજબ માપ 71.90 ચો. મી.), જેની સાથે 'વૈકુંઠ ધામ રો–હાઉસ'ના રોડ અને કો.ઑપ.ની જમીનમાં 28.88 ચો. મી.નો અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 386, જેનો કુલ વિસ્તાર 15,459 ચો. મી. થવા જાય છે, મોજે કામરેજ, તાલુકો કામરેજ અને જિલ્લો સુરત ખાતે આવેલ છે.<br>સીમાઓ: પૂર્વે – સોસાયટીનો આંતરિક રોડ; પશ્ચિમે – પ્લોટ નં. 135; ઉત્તરે – સોસાયટીનો આંતરિક...; દક્ષિણે – પ્લોટ નં. 137 | H01487120 621082021/ H01487120 621082021 L | 20 માર્ચ, 2025 | રૂ. 2,11,890/– | તારીખ 10–10–2024ની માગણાની નોટીસ મુજબ તારીખ 08/10/2024 સુધીમાં ચૂકવવાની બાકી કુલ રકમ રૂ. 32,68,291.07/– થવા જાય છે. | રૂ. 21,18,900/– | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 10.06.2025 બપોરે 12:30થી 2:00 વાગ્યા સુધીમાં |
| 1. ભાવનાબેન કે. ગોહિલ<br>2. કનુભાઈ વી. ગોહિલ | સંપત્તિના ટુકડાં અને ખંડ બધાંનું સરનામુંઃ ફ્લેટ નં. એ/802, આઠમો માળ, જેનું માપ 1071 ચો. ફૂટ, એટલે કે 99.4959 ચો. મી. સુપર બિલ્ટ અપ એરીયા અને 74.80 મી. બિલ્ટ અપ એરીયા, ટેનામેન્ટ નં. 72એચ–03–1945–0–001, જેની સાથે 'ડી. જી. પોઈન્ટ એ – ટાવર'ના રસ્તા, સીડીઓ, પેસેજ, ટૅરેસ વગેરેમાં અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 76 અને 77, બ્લોક નં. 138 અને 139, ટી. પી. સ્કીમ નં. 53 (મગોબ ડુમ્ભાલ), એફ. પી. નં. 54, જેનું માપ 4491 ચો. મી. થાય છે, તે પૈકી 2928.84 ચો. મી., મગોબ ગામ, સુરત શહેર ખાતે આવેલ છે.<br>સીમાઓ: પૂર્વે – ખુલ્લી જમીન; પશ્ચિમે – ખુલ્લી જમીન; ઉત્તરે – રોડ; દક્ષિણે – ડી. જી. કોમ્પલેક્સ બી ટાવર | SRTHL1600 0643/ SRTHL1600 0639 | 26 ફેબ્રુઆરી, 2025 | રૂ. 2,24,910/– | તારીખ 11–11–2024ની માગણાની નોટીસ મુજબ તારીખ 07/11/2024 સુધીમાં ચૂકવવાની બાકી કુલ રકમ રૂ. 21,82,743.56/– થવા જાય છે. | રૂ. 22,49,100/– | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 10.06.2025 બપોરે 12:30થી 2:00 વાગ્યા સુધીમાં |
| (1) જિતેન્દ્ર ઈન્દ્રાસન યાદવ<br>(2) અસ્મિતા જિતેન્દ્ર યાદવ | સંપત્તિના ખંડ અને ટુકડાં બધાંનું સરનામુંઃ ફ્લેટ નં. 203, જેનું માપ 754 ચો. ફૂટ થવા જાય છે, જેનો સુપર બિલ્ટ–અપ એરીયા 452 ચો. ફૂટ એટલે કે 42.04 ચો. મી. થવા જાય છે, બીજો માળ, 'આગમ નવકાર કોમ્પલેક્સ બી–1', જેની સાથે ગુજરાતના સુરત જિલ્લાના સિટી ચોર્યાશી તાલુકાના કાનસડ ગામના રેવન્યૂ સર્વે નં. 174 એટલે કે બ્લોક નં. 158 ધરાવતી જમીન પર નિર્માણ કરવામાં આવેલા ઉક્ત બિલ્ડિંગ નીચેની જમીનમાં અવિભાજિત હિસ્સાનો સમાવેશ થાય છે. | SRTHL1800 1642 / SRTHL1800 1938 | 12 જાન્યુઆરી, 2025 | રૂ. 90,480/– | તારીખ 19–07–2024ની માગણાની નોટીસ મુજબ તારીખ 19/07/2024 સુધીમાં | રૂ. 9,04,800/– | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 10.06.2025 બપોરે 12:30થી 2:00 વાગ્યા સુધીમાં |

### જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/under થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **09/06/2025** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ''ને નામે મુંબઈ ખાતે **10/06/2025**ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે,**11/06/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, જેમનું નામ છે – **દિલીપ મિશ્રા અને સંતોષ તિવારી, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બ્રિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098. સંપર્ક નં.0222-68076666.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

**તારીખઃ 24.04.2025**
**સ્થળઃ** સુરત

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

### બીઆરસી ભવન ઓલપાડ ખાતે

# મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન અમદાવાદ દ્વારા સમગ્ર શિક્ષા સોશિયલ ઓડિટ અન્વયે લોક સુનાવણી યોજવામાં આવી




**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** સોશિયલ ઓડીટ એ કોઈપણ યોજના કે કાર્યક્રમનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા છે જેમાં લોકો સામૂહિક રીતે કાર્યક્રમ કે યોજનાનાં આયોજન અને અમલીકરણની દેખરેખ અને મૂલ્યાંકન કરે છે. જેનાં અનુસંધાને વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાત રાજ્યનાં ૨૫૪ તાલુકાઓ પૈકી સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાની ૨૨ તથા માંગરોલ તાલુકાની ૨૫ શાળાઓમાં સોશિયલ ઓડીટની કામગીરી કરવામાં આવી હતી. જેની નિયમોનુસાર લોક સુનાવણી યોજવાનાં ભાગરૂપે આજરોજ બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ ખાતે ઓલપાડ તથા માંગરોલ તાલુકાનાં મુખ્યશિક્ષકોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર શિક્ષા સોશિયલ ઓડીટની ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા ગુજરાત રાજ્યની સદર સોશિયલ ઓડીટની કામગીરી મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદને સોપવામાં આવેલી છે. જે અંતર્ગત સંસ્થાનાં ફિલ્ડ એક્ષ્પર્ટ અમૃતભાઈ કાંગીયા તથા આસિસ્ટન્ટ ફિલ્ડ એક્ષ્પર્ટ મહાદેવભાઈ રંગપરીયાનાં માર્ગદર્શન હેઠળ અત્રે યોજાયેલ મિટીંગમાં શાળાઓની વહીવટી, શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ, જાતિગત ભેદભાવ, પોષણયુક્ત આહાર, આરોગ્ય અને સલામતી, પરિવહન ઉપરાંત લોકભાગીદારી જેવી મૂળભૂત બાબતોની સવિસ્તર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ પ્રાથમિક શિક્ષણાધિકારી નગીનભાઈ પટેલ, બીટ નિરીક્ષક વિજયભાઈ જરગલિયા, ઓલપાડનાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ તથા માંગરોલનાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર હીરાભાઈ ભરવાડ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર મિટીંગનું સુચારુ સંચાલન સાયણ, સાંધિયેર તથા માસમાનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર અનુક્રમે મિતેશ પટેલ, તેજસ નવસારીવાલા તથા આશા ગોપાણીએ કર્યુ હતું. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# ડાંગ જિલ્લા એ.આર.ટી.ઓ કચેરી દ્વારા વહાનો પાછળ રેડીયમ રિફ્લેક્ટર લગાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી

### રાત્રી દરમિયાન અકસ્માત નિવારણ માટે કામગીરી હાથ ધરાઇ

**જનાદેશ પ્રતિનિધિ, આહવાઃ તાઃ ૨૩:** માર્ગ સલામતી ઝૂંબેશ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા રોડ સેફટી કમિટીની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ એ.આર.ટી.ઓ કચેરી દ્વારા અકસ્માત નિવારણ માટે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તારીખ ૨૨ એપ્રિલના રોજ લોકોમાં જાગૃતિ આવે તે માટે એ.આર.ટી.ઓ. આહવા-ડાંગ ના અધિકારીશ્રીઓ દ્વારા APMC વઘઇ ખાતે APMC માં આવેલા વાહનો પાછળ રેડિયમ રિફલેકટર લગાવવાની ઝુંબેશની શરૂઆત કરવામાં આવી. જેમાં વિવિધ કામ માટે આવેલા ખેડૂતોને રેડિયમ નું મહત્વ સમજાવી, રાત્રિ દરમિયાન વાહન દેખાય અને અકસ્માતો નિવારી શકાય તે માટે રેડિયમ લગાડવામાં આવ્યા હતાં. તેમજ APMC માં રેડિયમ રિફલેકટર વગર પ્રવેશ આપવામાં આવશે નહીં તે અંગે APMC ના સંબંધિત અધિકારીશ્રીને સુચના પણ આપવામાં આવી હતી.



# યુનિવર્સિટીના સંશોધકોને નવીન AI આધારિત રોબોટિક શોધ માટે ડિઝાઇન નોંધણી - યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ




**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડો. ઘીવાલા શૈલેષકુમાર મહેન્દ્રલાલ, ડો. હિતેશકુમાર જગદીશચંદ્ર લાડ અને ડો. કેતનકુમાર કાંતિભાઇ પટેલ એ તેમની નવીન શોધ AI પાવર્ડ સ્માર્ટ ઓટોમેટિક પોલ્યુટેડ કેમિકલ ડિટેક્ટિંગ એન્ડ ક્લીનિંગ રોબોટ માટે ડિઝાઇન નોંધણી મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. આ બુદ્ધિશાળી રોબોટિક સિસ્ટમ કૃત્રિમ બુદ્ધિ AI નો ઉપયોગ કરીને રાસાયણિક પ્રદૂષણનું શોધખોળ અને સફાઇ કરવાની કામગીરી કરશે, જે પર્યાવરણની સમસ્યાઓ માટે આધુનિક ટેક્નોલોજીની અસરકારક સમાધાન આપશે. ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૨૪-૦૧-૨૦૨૫ ના રોજ પેટન્ટ કે જેનો ડીઝાઈન નંબર ૪૪૫૪૬૨-૦૦૧ થી એનાયત કરવામાં આવ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડો. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે અને આગામી સંશોધન કાર્ય માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

### સુરત જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા

# નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાના કુલ ૮,૪૬,૦૫૫ લાભાર્થી વિદ્યાર્થીઓને જૂન-૨૦૨૪ થી જાન્યુ-૨૦૨૫ દરમિયાન રૂ.૫૭.૧૩ કરોડની સહાય ચૂકવાઇ

**માહિતી બ્યુરોઃસુરત-બુધવારઃ** દીકરીઓને માધ્યમિક શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત અને પ્રેરિત કરતી 'નમો લક્ષ્મી યોજના'માં ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતી દીકરીને ચાર વર્ષમાં કુલ રૂ. ૫૦,૦૦૦ આર્થિક સહાય આપવામાં આવે છે.

કન્યાઓ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધો.૯ થી ૧૨ માં પ્રવેશ મેળવે, સાથે-સાથે તેમને શારીરિક-માનસિક સુપોષણ મળે એવો આ યોજનાનો હેતુ છે.

૫૦ હજારની સહાયના રૂપમાં મોટો આર્થિક આધાર મળતા આર્થિક રીતે અક્ષમ, સામાન્ય પરિવારોને દીકરીઓના શિક્ષણમાં થતા ખર્ચની ચિંતાથી મુક્તિ મળી છે. જ્યારે ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં કુલ રૂ. ૨૫,૦૦૦ આર્થિક સહાય આપતી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના અમલી છે. રાજ્યના દીકરા-દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા માટે પ્રોત્સાહિત થાય અને વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધે તેવો હેતુ એ આ યોજનાનો હેતુ છે. જેના અનુસંધાને સુરત જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા જૂન-૨૦૨૪ થી જાન્યુ-૨૦૨૫ દરમિયાન નમો લક્ષ્મી યોજના હેઠળ ૭,૦૦,૨૪૧ લાભાર્થી દીકરીઓને રૂ.૪૨.૫૫ કરોડ તેમજ નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ ૧,૪૫,૮૧૪





વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને રૂ.૧૪.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

એટલે કે આ બંને યોજનામાં સુરતના કુલ ૮,૪૬,૦૫૫ લાભાર્થી-વિદ્યાર્થીઓને યોજનાનો અમલ થયો ત્યારથી લઇ જાન્યુ-૨૦૨૫ દરમિયાન રૂ.૫૭,૧૩,૭૪,૦૦૦ કરોડ (રૂ.૫૭ કરોડ ૧૩ લાખ ૭૪ હજાર)ની સહાય ચૂકવાઇ હોવાનું સુરત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે. રાજ્ય સરકાર દ્વારા નમો લક્ષ્મી યોજના અંતર્ગત સુરતમાં જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં જૂન માસમાં ૯૬,૯૩૮ વિદ્યાર્થિનીઓને ૫,૯૦,૪૯,૭૫૦, જુલાઈમાં ૭૫,૪૮૦ વિદ્યાર્થિનીઓને ૪,૫૮,૧૦,૨૫૦, ઓગસ્ટમાં ૭૬,૬૬૩ વિદ્યાર્થિનીઓને ૪,૬૪,૭૬,૭૫૦, સપ્ટેમ્બરમાં ૭૭,૯૮૫ વિદ્યાર્થિનીઓને ૪,૭૦,૦૫,૨૫૦, ઓક્ટોબરમાં ૯૨,૯૩૨ વિદ્યાર્થિનીઓને ૫,૬૫,૭૯,૨૫૦, નવેમ્બરમાં ૯૧,૩૯૯ વિદ્યાર્થિનીઓને ૫,૫૬,૭૯,૫૦૦, ડિસેમ્બરમાં ૯૪,૦૧૦ વિદ્યાર્થિનીઓને ૫,૭૨,૨૦,૦૦૦ અને જાન્યુઆરી-૨૦૨૫માં ૯૪,૮૬૪ વિદ્યાર્થિનીઓને ૫,૭૭,૩૯,૨૫૦ એમ કુલ ૭,૦૦,૨૪૧ વિદ્યાર્થિનીઓને રૂ.૪૨,૫૫,૬૦,૦૦૦ (૪૨ કરોડ ૫૫ લાખ ૬૦ હજાર)ની સહાય આપવામાં આવી છે.

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત સુરતમાં જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન જૂન માસમાં ૨૦,૪૬૪ વિદ્યાર્થીઓને ૨,૦૪,૬૪,૦૦૦, જુલાઈમાં ૧૫,૧૦૦ વિદ્યાર્થીઓને ૧,૫૧,૦૦,૦૦૦, ઓગસ્ટમાં ૧૫,૦૨૫ વિદ્યાર્થીઓને ૧,૫૦,૨૫,૦૦૦, સપ્ટેમ્બરમાં ૧૫,૦૯૯ વિદ્યાર્થીઓને ૧,૫૦,૯૯,૦૦૦, ઓક્ટોબરમાં ૨૦,૦૭૦ વિદ્યાર્થીઓને ૨,૦૦,૭૦,૦૦૦, નવેમ્બરમાં ૧૯,૮૮૨ વિદ્યાર્થીઓને ૧,૯૮,૮૨,૦૦૦, ડિસેમ્બરમાં ૨૦,૦૫૦ વિદ્યાર્થીઓને ૨,૦૦,૫૦,૦૦૦ અને જાન્યુઆરી-૨૦૨૫માં ૨૦,૧૨૪ વિદ્યાર્થીઓને ૨,૦૧,૨૪,૦૦૦ મળી કુલ ૧,૪૫,૮૧૪ વિદ્યાર્થીઓને ૧૪,૫૮,૧૪,૦૦૦ (૧૪ કરોડ ૫૮ લાખ ૧૪ હજાર)ની સહાય આપવામાં આવી છે, ત્યારે આ બંને યોજનાઓ વિદ્યાર્થીઓ; ખાસ કરીને દીકરીઓ માટે આશીર્વાદરૂપ બની છે.

આમ, જૂન-૨૦૨૪થી અમલમાં આવેલી નમો લક્ષ્મી યોજનાથી દીકરીઓને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે પ્રોત્સાહન મળી રહ્યું છે, જ્યારે રાજ્યના દીકરા-દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા માટે પ્રેરિત થાય તેવો હેતુ નમો સરસ્વતી યોજનાનો છે.